# બાયડ મામલતદાર કચેરી નજીકના ખંડેર બિલ્ડીંગોમાં રાત પડે ચાલતા ગોરખ ધંધા

## જોખમી બિલ્ડીંગ ધરાશાયી થાય તેવી માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

બાયડ મામલતદાર કચેરી નજીકના ખંડેર બિલ્ડીંગમાં શિયાળાની સાંજ ઢળતાંની સાથે જ ગોરખ ધંધા ચાલતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. છેલ્લા કેટલાય સમયથી પડુ..પડુ કરતા બિલ્ડીંગને તંત્ર ધરાશાયી કરે તે જરૂરી છે અન્યથા ગમે ત્યારે મોટી હોનારત સર્જાવાની દહેશત સેવાઈ રહી છે.

બાયડમાં પોલીસના હાઈવે ઉપરના કડક પેટ્રોલીંગથી રાત્રે દારૂની ખેપ કરનારા અને સાંજ પડે બસ સ્ટેશન પર દેખાતી રૂપજીવીનીઓ ધંધાનાં સ્થળ ઝડપથી બદલવા લાગ્યા છે. પરંતુ કેટલાક જાણકારોએ હવે સરકારી બિલ્ડીંગનો જ ગોરખ ધંધામાં ઉપયોગ કરવાનું શરૂ કર્યું હોય તેવું જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે. બાયડના જૂના બસ સ્ટેશન વિસ્તારમાં તિજોરી કચેરી અને મામલતદાર કચેરી નજીક આવેલ ખંડેર બિલ્ડીંગમાં રાત પડે ગોરખ ધંધા થતા હોય તેવું રસ્તે જતા કેટલાક વટેમાર્ગુઓને જોવા મળી રહ્યું છે. તેમાંય હવે શિયાળો શરૂ થતાં સાંજના ૬-૦૦ થતાં જ અંધારાં ઉતરી આવે છે અને પ્રજા રાત્રિના ૮-૦૦ સુધીમાં તો ઘરમાં પુરાઈ જવા લાગી છે પોલીસ દ્વારા રાત્રે ઓચિંતો છાપો મારવામાં આવે તો કેટલીક જાણીતી ન હોય તેવી વિગતો પણ પ્રકાશમાં આવે તેમ છે. જૂના બસ સ્ટેશન વિસ્તારમાં ભૂકંપ આવ્યો ત્યારથી જ જર્જરીત હાલતમાં રહેલા બિલ્ડીંગોને ધરાશાયી ન કરાતાં હવે તેનો પ્રેમી પંખીડાં અને નશાબાજો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે ત્યારે સત્વરે આવાં જોખમી મકાનો ધરાશાયી કરી કેટલીક બદીનો નગરમાંથી દેશવટો આપવા માટે તંત્ર આગળ આવે તેમ પ્રજા ઈચ્છી રહી છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં શટલિયા વાહનોના કારણે વણથંભ્યા અકસ્માત : આડેધડ પાર્કીંગથી ટ્રાફીક સમસ્યા વકરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અકસ્માતો ઘટાડવાના અનેક પ્રયત્નો છતાં ગમખ્વાર અકસ્માતો જારી રહ્યા છે ત્યારે શટલિયા વાહનો મુસાફરો ભરવા માટે માર્ગો ઉપર ગતિ મર્યાદા બહાર દોડતાં હોવાથી જિલ્લામાં વણથંભ્યા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. જ્યારે બસ મથકો આસપાસ મુસાફરો ભરવા માટે આડેધડ શટલિયા વાહનો ગોઠવી દેવાતાં હોવાથી તાલુકા મથકો ઉપર માત્ર શટલિયા વાહનોથી જ ટ્રાફીક સમસ્યા બેકાબુ બની ગઈ છે. માર્ગો ઉપર ટ્રાફીક નિયમનના ધજાગરા ઉડાડી શટલિયા વાહનો પૂરપાટ ઝડપે દોડી અકસ્માતો સર્જી રહ્યાં છે છતાં તંત્ર દ્વારા આવા વાહનો સામે કોઈ પગલાં ભરાતાં ન હોવાથી મોટા ભાગના માર્ગો જોખમી બની ગયા છે.

જિલ્લામાં દર વર્ષે પોલીસ તંત્ર દ્વારા ટ્રાફીક સપ્તાહની ઉજવણી કરી અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે લોક જાગૃતિનો એક પખવાડિયા માટે પ્રયાસ થતો હોય છે પરંતુ ત્યાર પછી બધુ જ વિસારે પાડી દઈ શટલિયા વાહનો સામે આંખ મીચી દેવાતી હોય છે જેથી અકસ્માત ઘટાડવાના પ્રયત્નો છતાંય અકસ્માતો સર્જાયા વિના કોઈ માર્ગ બાકી રહેતો ન હોવાથી સમયાંતરે અનેક નિર્દોષ જીંદગીઓનો ભોગ લેવાઈ જતો હોય છે. જિલ્લામાં છેલ્લા ગણા સમયથી શટલિયા વાહનોની સંખ્યામાં ધરખમ વધારો થતાં જ્યાં નજર કરો ત્યાં માર્ગો ઉપર શટલિયા વાહનોનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે અને મુસાફરો મેળવવાની હોડમાં ગતિ મર્યાદાને ભૂલી જવાતી હોવાથી ગમખ્વાર અકસ્માતો શરૂ થયા છે. જિલ્લામાં શટલિયા વાહન ચાલકોને છૂટો દોર આપી દેવાયો હોય તેમ મુસાફરો મેળવવા માટે એસ.ટી. બસ મથકો આસપાસ વાહનો ગોઠવી દેવાય છે જેથી ટ્રાફીક સમસ્યા પણ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. જિલ્લામાં તાલુકા મથકો ઉપર જટીલ બનેલી ટ્રાફીક સમસ્યાના જવાબદાર શટલિયા વાહનોથી પ્રજા ઉપરાંત રાહદારીઓ પણ ત્રાહીમામ પોકારી રહ્યા છે. બસ મથકો આસપાસ, હાઈવે પરના ચાર રસ્તાથી માંડી જે તે માર્ગના સ્ટેન્ડ નજીક શટલિયા વાહનો ટ્રાફીકને અડચણ થાય તે રીતે થોભાવી મુસાફરો ભરવામાં વાહનોના ચાલકો મશગુલ થઈ જતા હોવાથી હાઈવે માર્ગો ઉપર નાના-મોટા અકસ્માતોની પરંપરા જૈસે થે રહી છે. જિલ્લામાં અકસ્માતો અને ટ્રાફીકની વિકરાળ બનેલી સમસ્યા માટે શટલિયા વાહનો કારણરૂપ બની રહ્યાં છે ત્યારે પોલીસ તંત્ર દ્વારા શટલિયા વાહનો ઉપર અંકુશ લગાવાય તો જ માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટવાની સાથે તાલુકા મથકોએ જટીલ બનેલી ટ્રાફીક સમસ્યા હલ થાય તેમ છે.

# ડીસા ખાતે વિશ્વ દિવ્યાંગ દિન નિમિત્તે દિવ્યાંગો માટે મતદાર કેમ્પનું આયોજન



ડીસા, તા. ૩

ડીસા ખાતે વિશ્વ વિકલાંગ દિન નિમિત્તે દિવ્યાંગજનો માટે મતદાર કેમ્પનું આયોજન એસ.ડી. બોડાણા મામલતદાર (ડીસા શહેર)ના અધ્યક્ષ સ્થાને પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભવન ખાતે માટે કાર્યરત સંસ્થામાં ઉજવણી કરવામાં આવી.જેમાં રાજુભાઈ ઠાકોર,ચેરમેન બાંધકામ સમિતિ નગરપાલિકા, જયેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ, ભારત વિકાસ પરિષદ, અનિલભાઈ મકવાણા નાયબ મામલતદાર , પ્રવીણભાઈ સાધુ પૂર્વ બી.આર.સી કૉ - ઓર્ડીનેટર, મહેશભાઈ મનવર, મનોજભાઈ ચૌહાણ, વનરાજ ચાવડા કો-ઓર્ડીનેટર અંધજન મંડળ મનોજભાઈ પંચાલ તેમજ બીએલઓ અને દિવ્યાંગ બાળકોના વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે સ્ટાફ તેમજ દિવ્યાંગ બાળકો દ્વારા નાટિકા અને નૃત્ય રજૂ કરવામાં આવ્યા. એસ, ડી.બોડાણા, મામલતદાર દ્વારા આજના કાર્યક્રમ સંદર્ભે સમજ આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રવિણભાઈ સાધુ અને આભાર વિધિ આનંદભાઈ દવે દ્વારા કરવામાં આવી.

# પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ સહિત પંથકમાં કેનાલમાં પાણી છોડાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ



પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ પંથક મા આવેલ કેનાલ મા રવિપાકો ને લઈ ને પાણી છોડાતા ધરતી પુત્રો મા ખુશી નો માહોલ છવાયો હતો.

પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ પંથક મા આવેલ હાથમતી કેનાલ મા તંત્ર દ્રારા ૩૦૦ ક્યુસેક પાણી છોડાયુ છે જેમા મજરા માઈનોર કેનાલ મા ૧૫૦ ક્યુસેક પાણી છોડાયુ છે તો હાલતો કેનાલ મા પાણી છોડાતા રવીપાક ની ખેતી કરતા ખેડુતો મા ખુશી નુ મોજુ જોવા મલ્યુ હતુ તો રવીપાક માટે કાગડોળે રાહ જોતા ધરતી પુત્રો કેનાલ મા પાણી આવતા હાલતો હાશકારો નિવડયો હતો ત્યારે ખેડૂતો હાલ રવિવાર માટે તડામાર તૈયારીઓ કરી દીધી છે જોકે મીની માઈનોરો પણ સીમેન્ટ કોકરેટ થી પાકુ કામ કરવામા આવ્યુ છે જેથી પાણીનો બગાડ નહી થાય

# ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દિવ્યાંગ ભાઈ-બહેનો માટે સર્ટિફીકેટ કેમ્પ યોજાયો

## વિશ્વ દિવ્યાંગ દિન નિમિત્તે આ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ૧૫૦થી વધુ લોકો એ ભાગ લીધો હતો

ધનસુરા, તા. ૩

ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ દિવ્યાંગ દિન નિમિત્તે દિવ્યાંગ ભાઈ બહેનો માટે સર્ટિફીકેટ કેમ્પ યોજાયો હતો જિલ્લા સમાજ સુરક્ષા કચેરી મોડાસા અને અરવલ્લી ફિજીકલી હેન્ડીકેપ્ડ વેલફેર મંડળ બુટાલ દ્વારા આયોજન કરાયુ હતું દિવ્યાંગ ભાઈ બહેનોને પોતાની ક્ષતિના સર્ટી માટે હિંમતનગર જવું ના પડે અને દરેક તાલુકા આરોગ્ય કેન્દ્ર ખાતે આ સુવિધા મળી રહે તે માટે અરવલ્લી જિલ્લા કલેકટર તથા જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા આ કાર્યક્રમો ની અનુમતી આપવામાં આવી હતી આ કાર્યક્રમ માં ૧૫૦



જેટલા દિવ્યાંગ ભાઈ બહેનો એ ભાગ લીધો હતો તેમને સર્ટિ આપવામાં આવ્યા હતા જેમાં જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ના સ્ટાફ તરફથી સુંદર સહકાર આપવામાં આવ્યો હતો જે બદલ અરવલ્લી ફિજીકલી હેન્ડીકેપ્ડ વેલફેર મંડળ બુટાલ ના વિનોદચંદ્ર પટેલ એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો કાર્યક્રમ માં મોટી સંખ્યામાં દિવ્યાંગ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા સાથે ગર્લ્સ હાઈસ્કૂલ ના નિવૃત્ત આચાર્ય ભાવસાર બેન અને કરશનભાઈ પટેલ અને રજનીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા રજનીભાઈ ધ્વારા કાર્યક્રમ માં નાસ્તા ની વ્યવસ્થા કરવામાં આવી હતી આ કાર્યક્રમ ની અનુમતિ આપવા બદલ વિનોદચંદ્ર પટેલ અને તમામ દિવ્યાંગ ભાઈઓ બહેનો એ વહીવટી તંત્ર નો આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રાંતિજની ફતેપુરની મહિલાએ સરપંચ માટેનું ઉમેદવારી ફોર્મ ભર્યુ

**ડીપોઝીટ પેટે અધિકારીના ટેબલ ઉપર ૨ રૂપિયા સિક્કાનો ઢગલો કર્યો : પરચુરણ ગણતા અધિકારીઓને પરસેવો છુટયો : સરપંચની ચુંટણીનીને લઈને ફોર્મ ભરવા ઉમેદવારોનો રાફડો ફાટયો : પ્રાંતિજ તાલુકામા સરપંચ માટે સોવથી વધુ ફોર્મ પોગલુમાં ભરાયા**



પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના ફતેપુરા ખાતે ગામ પંચાયતની ચુંટણીને લઈ ને એક મહિલા પોતાના સમર્થકો સાથે આજે પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે આવીને સરપંચ માટેનુ ઉમેદવારી ફોર્મ ભર્યુ હતુ તો ડીપોઝીટ પેટે આપવામા આવતી રકમ સાથે લાવેલ પરચુરણ દ્વારા ભરી હતી

પ્રાંતિજ તાલુકાનામાં આવેલ ગ્રામપંચાયતોની ચુંટણી માટે હાલ સરપંચ અને સભ્યો ના ફોર્મ ભરવામા આવી રહ્યા છે ત્યારે પ્રાંતિજ તાલુકામા સરપંચ થવા માટે હાલતો સરપંચ ઉમેદવારોનો રાફડો ફાટયો છે અને તેની સાથે ટેકેદારો પણ ઉપસ્થિત રહેતા તાલુકા સેવા સદન અને તાલુકા પંચાયત ઉમેદવારો તથા ટેકેદારો ના ટોળી ટોળા ઉમટી પડતા હતા. તો પ્રાંતિજ તાલુકાના ફતેપુર ખાતે રહેતા ભગવતી બેન મુકેશભાઈ પંચાલ કે જેવો પોતાના સર્મથકો સાથે આજે પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે આવીને પોતે પોતાનુ સરપંચ માટેનુ ઉમેદવારી ફોર્મ ભર્યુ હતુ તો તેવોએ પોતાની ડીપોઝીટ ભરવા માટે લાવેલ પરચુરણ બેના સિક્કાઓ ડીપોઝીટ પેટે આપી હતી તો પરચૂરણ જોઈને અધિકારીઓ પણ ચોકી ઉઠયા હતા અને પરચુરણ ગણતા પરસેવો છુટી ગયો હતો.

> પ્રાંતિજ તાલુકામાં અત્યાર સુધીમાં ૨૭ ગામ પંચાયતમાંથી સરપંચો માટે કુલ - ૯૭ ફોર્મ ભર્યા છે તો સભ્યો માટે પણ ૧૮૮ ફોર્મ ભર્યા છે

> સરપંચ માટેના સોવથી વધુ ફોર્મ પ્રાંતિજ તાલુકાના પોગલુ ખાતે ભરાયા

# પ્રાંતિજ ખાતે એક તરફી પ્રેમમાં પાગલ પ્રેમીએ ઝેરી દવા પીને જીવન લીલાનો અંત આણ્યો

## ૩૦૦ કિલોમીટરનું અંતર કાપી પ્રાંતિજમાં આવી દવા પીને જીવન ટુકાવ્યું

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બળવાડાના યુવાને એક તરફી પ્રેમમાં પાગલ બનીને ઝેરી દવા પીને જીવન લીલા સંકેલી. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ શુકવારની વહેલી સવારે પ્રાંતિજ વિસ્તારમાં સૌરાષ્ટ્રના નાવડાના બળવાડાનો યુવાન એક તરફી પ્રેમમા પાગલ હોય ૩૦૦ કિલોમીટરનું અંતર કાપીને પ્રાંતિજ ખાતે આવીને વહેલી સવારે ઝેરી દવાપીધી હાલતમા પડેલ હોય જેથી સ્થાનિક લોકો દ્વારા પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યો હતો તો પ્રાંતિજ સિવિલના હાજર તબીબી દ્વારા યુવાનને વધુ સારવાર અર્થે ૧૦૮ મારફતે હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામા આવ્યો હતો જયા સારવાર દરમ્યાન એક તરફી પ્રેમ મા પાગલ સૌરાષ્ટ્રના નાવડાના બળવાડા ખાતે રહેતો શ્યામજી કાળાજી મામરોલીયા ઉ.વર્ષ-૩૨ કે જેવુ સારવાર મળે તે પહેલાજ મોત નિપજયુ હતુ તો હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં હાજર તબીબી દ્વારા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કરતા પ્રાંતિજ પોલીસ હિંમતનગર ખાતે જઈ આગળની તપાસ હાથ ધરી હતી.

# પાલનપુરના ચિત્રાસણીમાં ચોરીની આશંકાએ હેલ્પરને માર મારવામાં આવ્યો

## હેલ્પરને લાકડી વડે માર મારી જાતિ અપમાનિત કરાતા પોલીસ ફરિયાદ : પ્લાન્ટના માલિક સહિત ત્રણ સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

પાલનપુર તા. ૩

પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામના એક પ્લાન્ટમાં માલ તોડવાના બ્રોકર ની ચોરી થઈ હતી જે બ્રોકરની ચોરી પ્લાન્ટમાં કામ કરતા એક હેલ્પરે કરી હોવાની આશંકાએ પ્લાન્ટ માલિક ના પુત્રે હેલ્પરને લાકડી વડે માર મારી તેને જાતિ અપમાનિત ગાળો બોલો જાન થી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પાલનપુરના ચિત્રાસની ગામે આવેલ આરએમપીએલ પ્લાન્ટ માં માલ તોડવાના બ્રોકરની ચોરી થઈ હતી જેમાં આ બ્રોકરની ચોરી પ્લાન્ટમાં હેલ્પર તરીકે કામ કરતા અમીરગઢ ના ઉમરકોટના જયેશભાઈ હેમરાજભાઈ ભીલે કરી હોવાનો શક રાખી પ્લાન્ટ માલિકના પુત્ર હાર્દિક દેવેન્દ્રભાઈ પટેલ રહે .કોઈટાપૂરા વાળા અને ચેતન પટેલ રહે.પ્લાન્ટ ચિત્રાસણી વાળા એ હેલ્પર જયેશ ભીલ ને જાતિ અપમાનીતિ ભૂંડી ગાળો બોલી તેમજ લાકડી વડે માર મારી ચોરાયેલા બ્રોકર પરત નહિ કરે તો જાન થી મારી નાખવાની ધમકી આપતા હેલ્પરે પ્લાન્ટ માલિક દેવેન્દ્રભાઈ પટેલ,હાર્દિક દેવેન્દ્રભાઈ પટેલ બન્ને રહે.કોઈટાપુરા અને ચેતન પટેલ રહે પ્લાન્ટ ચિત્રાસણી વાળા વિરૂદ્ધ પાલનપુર તાલુકા પોલીસ મથકે એટ્રોસીટી એકટ મુજબ ગુનો દાખલ કરાવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે.

# પાલનપુરની જ્યોર્જ ફિફ્થ કલબમાં ચાલતું જુગારધામ ઝડપાયું

## જુગારીયાઓ પાસેથી રોકડ, ૧૭ વાહનો મળી કુલ રૂ.૧.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો: સ્થાનિક પોલીસ ઉંઘતી રહીને વિજિલન્સની ટીમેં દરોડો પાડી ૩૯ જુગારીયા ઝડપી પાડયા

પાલનપુર, તા. ૩

પાલનપુર ખાતે આવેલી જયોર્જ ફિફથ કલબમાં ગાંધીનગર વિજિલન્સ ની ટીમે ઓચિંતો દરોડો પાડીને અહીં ચાલતા જુગારધામ પર પૈસા ની હારજીત નો જુગાર રમતા ૩૯ જુગારીયાઓ ને ઝડપી પાડયા હતા જેને લઈ જુગારીયા તત્વોમાં નાસભાગ મચી જવા પામી હતી જોકે આ જુગારધામ પર થી રોકડ રકમ ૧૭ વાહનો મળી અંદાજે રૂ.૧.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી

પાલનપુરમાં યુવાનો ખેલાડીઓ માટે રમત ગમતના ઉપયોગ માટે ની જયોજ ફિફથ કલબમાં છેલ્લા કેટલાય સમય થી જુગારધામ ચાલતું હોવાની બાતમીના આધારે ગાંધીનગર વિજિલન્સની ટીમે જયોજ ફિફથ કલબની આડમાં ચાલતા આ જુગારધામ પર ગુરુવાર ની મોડી સાંજે ઓચિંતો દરોડો પાડ્યો હતો જેમાં અહીં પૈસાની હાર જીતનો જુગાર રમતા પાલનપુર શહેર તેમજ આજુબાજુના વિસ્તારો ના જુગારીયાઓ નાસભાગ મચી જવા પામી હતી જોકે વિજિલન્સ ની ટીમે જયોર્જ ફિફથ કલબને કોર્ડન કરી ને અહીં પૈસા ની હાર જીત નો જુગાર રમતા ૩૯ જુગારીયા ઓને દબોચી લીધા હતા અને તેમની પાસેથી બાઈક, એકિટવા સહિત ના ૧૭વાહનો અને રોકડ રકમ મળી અંદાજે .રૂ.૧.૭૫ લાખ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો અને પકડાયેલા જુગારીયાઓ વિરુદ્ધ શહેર પૂર્વ પોલીસ મથકે જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી જેને લઈ જુગારીયા ઓમાં ફફડાટ મચી જવા પામ્યો હતો જોકે પાલનપુર જયોર્જ ફિફથ કલબમાં ચાલતા જુગાર અંગે સ્થાનિક પોલીસ ઉંઘતિ રહી હતી અને ગાંધીનગર વિજિલન્સની ટીમે રેઈડ કરીને ૩૯ જુગારીયાને ઝડપી પાડતા સ્થાનિક પોલીસ બેડા માં પણ હલચલ મચી જવા પામી હતી.

### રમત ગમતના સંકુલમાં જુગાર રમાતો હતો...

પાલનપુરની જયોર્જ ફિફથ કલબનો ઉપયોગ ક્રિકેટ,વોલીબોલ સહિતની રમતો માટે ઉપયોગ કરવામાં આવે છે જે રમત ગમતના મેદાનમાં કેટલાક જુગાર ની લત ધરવાતા તત્વો અહીં જુગાર રમતા હોઈ વિજિલન્સ ની ટીમે આ જુગારધામ પર દરોડો પાડીને ૩૯ જુગારીયા ને ઝડપી લીધા હતા



### ૧૭ નાના મોટા વાહનો કબ્જે કરાયા

વિજિલન્સના આ દરોડા માં ૩૯ જુગારીયાઓ પાસેથી બાઈક, એક્ટિવા જેવા ૧૭ વાહનો અને રોકડ કબ્જે કરાઈ હતી જોકે આ જુગારધામ મામલે સ્થાનિક પોલીસ ઉઘતી રહી હતી અને વિજિલન્સની ટીમે જુગારધામનો પર્દાફાશ કર્યો હતો

## જન્મદિને વધામણી



જીગ્નેશ રાવલ
બાયડ ગામ



પિનાકીનભાઇ શાહ
ખાડિયા ચાર રસ્તા
હિંમતનગર



ડો. ભાવિ પટેલ
ચોરીવાડ તા.ઇડર

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

# દાંતીવાડા BSF કેમ્પસ ખાતે જવાનો દ્વારા BSFના સ્થાપના દિવસની ધામ-ધૂમથી ઉજવણી કરાઈ

પાલનપુર તા. ૩

તા. ૧ ડિસેમ્બર ૧૯૬૫ના રોજ બી.એસ.એફ.ની સ્થાપના થઈ હતી. જેને આજે ૫૭ વર્ષ પૂર્ણ થતાં બી.એસ.એફ.ના જવાનો, ઓફિસરો અને તેમના પરીવારજનો દ્વારા ધામ-ધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. દાંતીવાડા બી.એસ.એફ. કેમ્પસ ખાતે મ્જીહ્મના ડેપ્યુટી કમાન્ડન્ડશ્રી અરુણ શર્માના અધ્યક્ષસ્થાને બી.એસ.એફ. સ્થાપના દિનની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.